# ખેડૂતોને ખર્ચમાં ૫૦ ટકા ઉમેરી ટેકાના ભાવ આપો

**ભારતીય કિસાન સંગઠનના અગ્રણીઓની હાજરીમાં દિલ્હીમાં યોજાનારા ઇન્ડિયન ફાર્મર્સ કન્વેન્શનમાં હાજર રહેવા સુરત જિલ્લા ખેડૂત સમાજનું આહ્વાન**

ભાસ્કર ન્યૂઝ. સુરત





ખેડૂતોને મળતા પાકના ભાવો અને વિવિધ પ્રશ્નો અંગે શુક્રવારે સુમુલ ડેરી ખાતે ખેડૂતોનું સંમેલન યોજાયું હતું. તસવીર મનોજ તેરૈયા

ગુજરાત ખેડૂત સમાજના ઉપક્રમે ભારતીય કિસાન સંગઠનના આગેવાનોની હાજરીમાં આગામી તા. ૧૯મી નવેમ્બરના રોજ દિલ્હી ખાતે ઈન્ડિયન ફાર્મર્સ કન્વેન્શનમાં હાજર રહેવા માટે સુમુલ ડેરી ખાતે આયોજિત સુરત જિલ્લા ખેડૂત સમાજની બેઠકમાં આહવાન કરવામાં આવ્યું હતું. જેમાં નેશનલ કો-ઓપરેટિવ સુગર ફેડરેશનના ચેરમેન જયંતીભાઇ પટેલ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

ખેડૂત સમાજની બેઠકમાં સુરત ડિસ્ટ્રીક્ટ કો-ઓપ. બેન્કના ચેરમેન દિલીપભાઇ ભક્તે જણાવ્યુ હતુ કે, છઠ્ઠી પંચ વર્ષીય યોજનામાં સિંચાઇ માટે ૧૨૫ ટકા ફાળવવામાં આવ્યા હતા. જેને પગલે કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે. હવે ખેત ઉત્પાદનનું માર્કેટિંગ કેવી રીતે કરવુ તે અગત્યનો પ્રશ્ન છે. એક હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂત માટે ખેતી પોષણક્ષમ નથી. ગુજરાતના ખેડૂતો વર્ષે રૂ.૨૧૩ કરોડનું ડીઝલ વાપરે છે અને ડીઝલમાં ખેડૂતોને સબસીડી મળવી જોઈએ.

ભારતીય કિસાન સંગઠનના જનરલ સેક્રેટરી પી. ચાંગલ રેડ્ડીએ કહ્યું હતુ કે, ખેડૂતોએ હવે જાગૃત થવુ પડશે. પાકનો ઉત્પાદન ખર્ચ ગણીને તેની સામે ઉપજની રકમ ગણશો તો ખેતીમાં કેટલી ખોટ જાય છે તેની ખબર પડશે. સ્વામી નાથન સમિતિની ભલામણ અનુસાર, ઉત્પાદિત માલના ખર્ચ કરતા ૫૦ ટકા વધારે ટેકાના ભાવ જાહેર થવા જોઈએ. આજે ખેડૂત તેના દિકરાને ખેડૂત બનાવવા માંગતો નથી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સ્વામી નાથન કમિટીની ભલામણોનો સ્વીકાર કરવા માટે સંસદનું ચાર દિવસનું ખાસ કૃષિ સત્ર બોલાવવું પડશે. કૃષિ ઉત્પાદનની નિકાસની નીતિ નક્કી કરવા ફાર્મ મિકેનિઝમ નીતિ નક્કી કરવા માટેની માગણી તા. ૧૯મી નવેમ્બરે દિલ્હી ખાતેના કન્વેન્શનમાં કરવામાં આવનાર છે.

બેઠકના પ્રમુખ પદેથી જયંતીભાઇ પટેલે જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતનો ખેડૂત શેરડી, કપાસ અને ડાંગરની ખેતી કરે છે. શેરડી થકી, ખાંડ, બગાસ, મોલાસીસ, ઈથેનોલ, રેક્ટીફાઈડ (સ્પિરીટ) વગેરે ઉત્પાદન થાય છે. પરંતુ તેનો ભાવ નક્કી કરવાનો અધિકાર આપણી પાસે નથી. ભાવનું નિયંત્રણ ખેડૂતોને બદલે વેપારીઓ પાસે છે. આ વ્યવસ્થામાં બદલાવ આવશ્યક છે. શેતકરી સંગઠન મહારાષ્ટ્રના પ્રમુખ રઘુનાથ પાટીલે એવું જણાવ્યું હતું કે, દેશના ખાંડના કુલ ઉત્પાદનનો કુલ ૧૭ ટકા વપરાશ જ ઘર માટે થાય છે. જ્યારે બાકીને ૮૩ ટકા ઉપયોગ મિઠાઇ, કોલ્ડડ્રીંક્સ તથા દવાની બનાવટમાં થાય છે.

શુક્રવારની બેઠકમાં જિલ્લાના સહકારી આગેવાન ભીખાભાઇ પટેલ, રમણભાઇ પટેલ, જયંતી પટેલ, કેતન પટેલ, માનસિંહ પટેલ વગેરે હાજર હહ્યા હતા. ગુજરાતના ખેડૂતો જોઈએ એટલા સંગઠિત ન હોવાની બૂમો ખેડૂતવર્ગમાંથી વારંવાર ઉઠતી હોય છે. જોકે, આ વખતે ગુજરાતના ખેડૂતો રાષ્ટ્રીય કક્ષાએ જઈ રહ્યા છે ત્યારે ખેડૂતોના પ્રશ્નોની કેવી સચોટ અને ધારદાર રજૂઆત કરી શકે છે, તેના પર સૌની મીટ છે.